**ઓન લાઈનટેન્ડર નોટીસ નં. એસ્ટેટ/ ૦૧ સને ૨૦૧૮–૧૯.**

**સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિર્વસીટી, સેકટર નં.૧૫ ગાંધીનગર–૩૮૨૦૧૬.**

રજિસ્ટ્રારશ્રી,સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિર્વસીટી, કોમર્સ કોલેજ કમ્પાઉન્ડ, સેકટર નં.૧૫, ગાંધીનગર–૩૮૨૦૧૬(ફોન નં. ૦૭૯–૨૩૨૮૮૩૬૪)ની કચેરીએથી મોજેઃ ડેસર, જિ. વડોદરા,ખાતે **સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિર્વસીટી સંકુલમાં સાઈટ ડેવલપમેન્ટ અને જુદા જુદા પ્રેક્ટિસ મેદાનો બાંધવા માટે અંદાજી રકમ રૂા.૮૩૪.૦૦ લાખના એક(૧)** કામ માટે ગુજરાત રાજયના માર્ગ અને મકાન વિભાગ/ નર્મદા પાણી પુરવઠા જળસંપત્તિ અને કલ્પસર વિભાગની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોધાયેલ અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી બી–૧ ટેન્ડર ફોર્મમાં ઓન લાઈન ભાવો માંગવામાં આવે છે.

આ કામના ટેન્ડર www.nprocur.com. વેબસાઈટ પર તા. ૦૪/૦૨/૨૦૧૯ થી તા.૨૫/ ૦૨/૨૦૧૯ નાં રોજ ૧૮.૦૦ કલાક સુધી જોઈ શકાશે અને ટેન્ડર ભરી શકાશે. શકય હશે તો ઓન લાઈન ભરાયેલ ટેન્ડરો અત્રેની કચેરી ખાતે તા. ૨૬/૦૨/૨૦૧૯ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડરની વધુ વિગતો ટેન્ડર સાથે સામેલ કરવામાં આવશે.

ટેન્ડરફીનો ડી.ડી.,બાનાની રકમની એફ.ડી.આર.,રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ,પાનકાર્ડ, બેન્ક સોલવન્સી તેમજ ટેન્ડરમાં માગ્યા મુજબના અન્ય તમામ ડોકયુમેન્ટસ પ્રમાણિત કરીને ફરજિયાત સ્કેન કરીને ટેન્ડર સાથે અચૂક અપલોડ કરવાનાં રહેશે. ટેન્ડર ફી/ બાનાની રકમનો ડી.ડી./ એફ.ડી.આર. અસલમાં તેમજ સ્કેન કરેલ અન્ય તમામ પ્રમાણિત કરેલ ડોકયુમેન્ટસ સીલબંધ કવરમાં તા. ૨૬/૦૨/૨૦૧૯ થી તા. ૦૫/૦૩/૨૦૧૯ સુધીમાં બપોરના ૧૬.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ હાથોહાથ રુબરુ આપવાનાં રહેશે.ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહી કે ડોકયુમેન્ટસ રજુ કરેલ ન હોય તેવા ઈજારદારશ્રીઓના ટેન્ડર રદ બાતલ ગણાશે. જેની કોઈ રજુઆત કે ફરિયાદ ધ્યાને લેવામાં આવશે નહી.

આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ એક કે બધા જ ટેન્ડરો રદ કરવા કે સ્વીકારવાની સત્તા ખાતાને અબાધિત રહેશે. જેના કોઈજ કારણો આપવામાં આવશે નહી.